# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

**<u>પરિપત્ર:-</u>**

**વિષય: દિવાળી પર્વની જાહેર રજા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ અને પી.જી. સેન્ટરના વડાઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ સંલગ્ન તમામ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટી દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલ એકેડેમિક કેલેન્ડર અનુસાર તા.૧૪/૧૧/૨૦૨૦ના શનિવારના રોજ દિવાળી રજા, તા.૧૫/૧૧/૨૦૨૦ના રવિવારની રજા અને તા.૧૬/૧૧/૨૦૨૦ને સોમવારના રોજ નૂતનવર્ષ અને ભાઇબીજના તહેવારની રજાઓ જાહેર કરવામાં આવેલ છે.

યુનિવર્સિટી દ્વારા તથા રાજ્ય સરકારશ્રી દ્વારા નિર્દિષ્ટ એકેડેમિક કેલેન્ડર અનુસાર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો તથા પી.જી.સેન્ટરો તથા અનુસ્નાતક ભવનો તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ તથા અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે તા.૦૬/૧૧/૨૦૨૦ને શુક્રવાર થી તા.૧૮/૧૧/૨૦૨૦ને બુધવાર સુધી દિવાળી પર્વની રજા જાહેર કરવામાં આવે છે. તેમજ માનનીય કુલપતિશ્રી દ્વારા યુનિવર્સિટીના અધિકારી/કર્મચારીશ્રીઓ તહેવારો માણી શકે તે હેતુસર તા.૧૨/૧૧/૨૦૨૦ને ગુરૂવારથી તા.૧૬/૧૧/૨૦૨૦ને સોમવાર સુધી યુનિવર્સિટી ખાતે દિવાળી પર્વ નિમિતે રજાઓ જાહેર કરવામાં આવે છે. તા.૧૭/૧૧/૨૦૨૦ને મંગળવારથી યુનિવર્સિટી કાર્યાલય રાબેતા મુજબ ચાલું રહેશે.

**વધુમાં તા.૧૨/૧૧/૨૦૨૦ થી તા.૧૬/૧૧/૨૦૨૦ સુધી યુનિવર્સિટી કાર્યાલય સદંતર બંધ રહેશે. જેની યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, અનુસ્નાતક કેન્દ્રો તથા વિદ્યાર્થી ભાઇ-બહેનોએ નોંધ લેવા વિનંતી.**

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/ ૨૫૪૧ /૨૦૨૦
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જૂનાગઢ.
તા.૧૦ /૧૧/૨૦૨૦

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ/પી.જી.સેન્ટરના વડાશ્રીઓ તથા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યશ્રીઓ તરફ....

**<u>નકલ સાદર રવાના:-</u>**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.
**<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:</u>**
(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.)